# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
## યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ,
## સુરત–૭

**ખાનગી** **સિન્ડિકેટની તાકીદની**
**સભા**
**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૭–૧–૨૦૦૩**

## –: કાર્યવાહી :–

સિન્ડિકેટની તાકીદની (Urgent) સભા મંગળવાર, તા.૭–૧–૨૦૦૩ ના રોજ બપોરે, ૪–૦૦ કલાકે યુનિવર્સિટીકાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રેમકુમાર શારદા (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ. જયેન્દ્રકુમાર જગન્નાથ ભટ્ટ (ઉપ કુલપતિશ્રી) | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમન પ્રતિનિધિ | ગેરહાજર |
| ૬. | આચાર્યશ્રી રસેશ ચંદ્રસુખરામ શુકલ | ગેરહાજર |
| ૭. | આચાર્યશ્રી ડૉ. બોમી બરજોરજી કાવીના | હાજર |
| ૮. | ડૉ. કિશોર રતીલાલ દેસાઇ | હાજર |
| ૯. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૦. | પ્રા.ડૉ. ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલ | હાજર |
| ૧૧. | પ્રા. ગિરીશભાઇ નવનીતલાલ રાણા | હાજર |
| ૧૨. | શ્રી. કિશોરભાઇ રામજીભાઇ વાઘેલા | હાજર |
| ૧૩. | પ્રા. અનિલભાઇ જગદીશચંદ્ર ગોયલ | હાજર |
| ૧૪. | પ્રા. ભગવાનદાસ ગાંડાલાલ પંચાસરા | હાજર |

(૧) સિન્ડિકેટ તા.૧૯–૧૨–૨૦૦૨ની સામાન્ય સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

:: સિન્ડિકેટ તા.૧૯–૧૨–૨૦૦૨ની સામાન્ય સભાની કાર્યવાહી યથાવત મંજૂર કરવામાં આવી હતી અને અધ્યક્ષશ્રીએ સહી કરી હતી.

(૨) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ૧૫૦ એકર જમીન અંગે સરકારશ્રીમાં રજૂઆત કરવા માટે યુનિવર્સિટીએ નિમેલી હાઈપાવર કમિટીની તા.૪–૧–૨૦૦૩ની કાર્યવાહીની ભલામણ પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની ૧૫૦ એકર જમીન અંગે હાઈપાવર કમિટી એ કરેલી ભલામણ સ્વીકારવી અને આ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર ૬ (છ) જિલ્લાનું છે અને દિન પ્રતિદિન કોલેજો અને વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે. નવા નવા અભ્યાસક્રમોની સંખ્યા વધતી જાય છે તેથી યુનિવર્સિટીના ભાવી વિકાસને ધ્યાનમાં રાખી અને જમીન સંપાદન કરવા અંગે શિક્ષણ વિભાગને મોકલવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, હાઈ કોર્ટમાં રીવ્યુ પીટીશન દાખલ કરવી.

(૩) પરીક્ષા આચાર સમિતિની તા.૧૭–૧૨–૨૦૦૨ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૧૭–૧૦–૨૦૦૨ની કાર્યવાહીની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આચાર સમિતિની કાર્યવાહીમાં બાબત ક્રમાંક (૧) થી (૪)માં દર્શાવવામાં આવેલા કોડ નંબર દર્શાવવા નહી અને બાબત ક્રમાંક: (૫)માં એમ.કોમ.પાર્ટ–૧ અને પાર્ટ–૨ની ઉત્તરવહીઓ કોલેજ માંથી મંગાવવી, તેવી ભલામણ છે. તેમાંથી 'કોલેજ' શબ્દ રદ કરવો કારણ કે આ ઉત્તરવહીઓ યુનિવર્સિટીમાં હોય છે.

(૪) કેમ્પસ ખાતે બંધાયેલ રહેલ સોશ્યલ સાયન્સીસ ડિપાર્ટમેન્ટના મકાન માટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન ન્યુ દિલ્હીએ કુલ રૂ ૯૬,૦૪,૨૧૨/– ના અંદાજોને મંજૂરી આપી છે. પરંતુ કામ શરૂ થયા બાદ ભૂકંપ પછી નિયમોનું પાલન અને તે મકાનમાં વિજળીકરણ કરવાના વધારાનો ખર્ચ જોતા અંદાજીત રૂા. ૨૪,૦૦,૦૦૦/– જેટલો ખર્ચ થવા સંભવ છે. આથી થનાર પ્રસ્તુત વધારાના ખર્ચ માટે હાલ તે ખર્ચ જનરલ ફંડમાં અથવા સ્વનિર્ભર સંસ્થાઓ પાસેથી એફિલિયેશન ફી ખાતે ફાળવવા અને તે વધારાના ખર્ચની દરખાસ્ત યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન ન્યુ દિલ્હીને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સોશ્યલ સાયન્સીસ ડિપાર્ટમેન્ટના બાંધકામ અને વિજળીકરણ માટે થનાર વધારાનો ખર્ચ હાલમાં એફિલિયેશન ફી માંથી કરવો અને કામ પૂર્ણ કરવું તેમજ વધારાના થનાર ખર્ચની દરખાસ્ત યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન ન્યુ દિલ્હીને મોકલવી.

(૫) કેમ્પસ ખાતે બંધાનાર કોર્મશીયલ કોમ્પલેક્ષના બાંધકામ માટેનું ટેન્ડર તા. ૧૫–૧૧–૨૦૦૨ના ઠરાવ ક્રમાંક: ૩૫ થી મંજૂર કરેલ છે. પરંતુ હાલમાં બેંક સાથે બાંધકામ માટેના ફંડ માટે જરૂરી કાર્યવાહી ચાલુ હોવાથી આ કામનો વર્કઓર્ડર યુનિ. ધ્વારા કોન્ટ્રાકટરને આપવામાં આવ્યો નથી. આ સાથે પત્ર મુજબ કોન્ટ્રાકટર ધ્વારા વર્કઓર્ડર આપવા માટે વિનંતી કરી છે અને તેમને કામ કરવા વર્કઓર્ડર ન આપવામાં આવે તો તેમણે ભાવ વધારાની માંગણી કરી છે. તો હાલમાં બેંક સાથે જરૂરી કરાર ન થાય ત્યાં સુધી અન્ય ફંડ માંથી ચૂકવણી કરી કામ શરૂ કરવા વર્કઓર્ડર આપવા અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના હાલના ભંડોળમાંથી ખર્ચ કરીને કોમર્શીયલ કોમ્પ્લેક્ષનું કામ શરૂ કરાવવું અને પ્રસ્તુત કામ અંગેની લોન આવ્યેથી થયેલ ખર્ચ પેટેના નાણા જમા લેવા.

(૬) યુનિવર્સિટી કેમ્પસ ખાતે વિવિધ નવા મકાનોનાં બાંધકામ માટે તથા કેમ્પસના ઈન્ફ્રાસ્ટ્રકચરના ડેવલોપમેન્ટ માટે સુરત મહાનગર પાલિકા અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વચ્ચે એમ.ઓ.યુ. કરવા માટે એમ.ઓ.યુ.ના ડ્રાફ્ટમાં બતાવેલ દરખાસ્તો અને શરતો ઉપર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે વિવિધ નવા મકાનોનાં બાંધકામ માટે તથા કેમ્પસના ઈન્ફ્રાસ્ટ્રકચરના ડેવલપમેન્ટ માટે સુરત મહાનગર પાલિકા અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વચ્ચે એમ.ઓ.યુ. કરવા માટેની કમિટી બનાવવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૭) યુનિવર્સિટી કેમ્પસ ખાતે મલ્ટીપરપઝ બિલ્ડીંગ બાંધવા અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, મલ્ટીપરપઝ બિલ્ડીંગ બાંધવા અંગે ફંડની સ્થિતિ તપાસી નિર્ણય લેવા અંગેની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૮) યુનિવર્સિટી કેમ્પસ ખાતે પાણીના રીચાર્જીગ માટે તળાવ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે પાણીના રીચાર્જીગ માટે તળાવ બનાવવા માટેની કામગીરીના કન્વીનર તરીકે શ્રી હેમંતભાઈ ટોપીવાલા કામગીરી કરશે અને જરૂર પડે કમિટીમાં અન્ય સભ્યોને કો–ઓપ્ટ કરવાની સત્તા તેમને આપવી.

(૯) યુનિ.ના પરીક્ષા વિભાગની તમામ પ્રકારની કામગીરી માટે સ્વતંત્ર કોમ્પ્યુટર પુલ ઉભુ કરવા જરૂરી લેટેસ્ટ વર્ઝનની કોમ્પ્યુટર નંગ ૧૦ તમામ જરૂરી એસેસરીઝ તથા જરૂરી હાઈસ્પીડ પ્રિન્ટર સાથે ખરીદવા વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના પરીક્ષા વિભાગની તમામ પ્રકારની કામગીરી માટે સ્વતંત્ર પુલ ઉભુ કરવા જરૂરી લેટેસ્ટ વર્ઝનના ૧૦ (દસ) કોમ્પ્યુટર, જરૂરી એસસરીઝ તથા હાઈસ્પીડ પ્રિન્ટર સાથે ખરીદવાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો અને તે અંગેના ટેન્ડરો મંગાવવા અને આગળની કાર્યવાહી માટે નાણાં સમિતિ સમક્ષ રજુ કરવી.

(૧૦) મનીપાલ અકાદમી ઓફ હાયર એજ્યુકેશન, મનીપાલની બેચલર ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (બી.આઈ.ટી.) પરીક્ષા ડીસ્ટન્ટ એજ્યુકેશન પ્રોગ્રામ હેઠળ પાસ કરી આવનાર કુ. કે.પવાણી સુબ્બારાવને આપણી યુનિવર્સિટી એમ.સી.એ. ના વર્ગમાં પ્રવેશ માટે જરૂરી કામચલાઉ પ્રવેશ પ્રમાણપત્ર આપવા તેણીના પિતાશ્રીએ કરેલ તા. ૩–૧૨–૨૦૦૨ની અરજી પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે ડીનશ્રીનો અભિપ્રાય મેળવવો તથા કેન્દ્રીય પ્રવેશ સમિતિએ પ્રવેશ આપેલો હોવાથી ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન ગાંધીનગરને પત્ર લખી માર્ગદર્શન મેળવવું.

**<u>અધ્યક્ષશ્રીની મંજુરીથી નીચેની બાબતો રજુ કરવામાં આવી હતી :</u>**

(૧૧) ગામીત જીતેન્દ્ર બાબુભાઈ , એમ.સી.એ. સેમેસ્ટર–૩ની પરીક્ષા જાન્યુઆરી–૨૦૦૨માં લેવાયેલ પરીક્ષાની ઉત્તરવહી ગુમ થતાં પરિણામ જાહેર કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગામીત જીતેન્દ્ર બાબુભાઈનું એમ.સી.એ.–૩ ની જાન્યુઆરી–૨૦૦૨માં લેવાયેલ પરીક્ષાનું પરિણામ વિષય ૩૦૪ માટે પ્રોરેટા કાઢી તે મુજબ પરિણામ જાહેર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉત્તરવહી ગુમ થવા બાબતે તપાસ કરી જરૂરી પગલાં સૂચવવા માટે નીચે મુજબની સમિતિ નીમવી :

(૧) ઉપકુલપતિશ્રી

(૨) કુલસચિવશ્રી

(૩) ડો. કે.આર.દેસાઈ

(૧૨) એફ.વાય.બી.કોમ. પરીક્ષા બેઠક નં. ૮૨૦૨ શ્રી રાહુલ વીનુભાઈ પટેલ દ્વારા બોગસ માર્કશીટ રજૂ કરતાં કરવામાં આવેલ પોલીસ ફરીયાદ અંગે માહિતી આપવા બાબત.

:: સિન્ડિકેટની તા.૧૯–૧૨–૨૦૦૨ની સભાના ઠરાવ નંબર – (૪૪) થી ઠરાવ્યા મુજબ શ્રી રાહુલ વીનુભાઈ પટેલ સાથે રાંદેર પોલીસ સ્ટેશન એફ.આર.આઈ. નં. ૩૧૯/૦૨ થી ફરિયાદ નોંધાવવામાં આવેલ છે અને સદર વિદ્યાર્થી તથા ટી.વાય.બી.એસ.સી.ના નવયુગ સાયન્સ કોલેજના વિદ્યાર્થી શ્રી સંદીપ ની પોલીસ દ્વારા તા.૫–૧૨–૨૦૦૨ના રોજ ધરપકડ કરવામાં આવેલ છે અને ૭–૧–૨૦૦૩ સુધી રીમાન્ડ પર રાખેલ છે. જે અંગેની માહિતી સભાને આપવામાં આવી.

(૧૩) એચ.આર.ડી. વિષયમાં યુનિવર્સિટીના રીસર્ચ મેથોડોલોજી વિભાગના ડો. વાય.એસ.પુરોહિતના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે રજીસ્ટર્ડ થયેલ અનિતા કે.પી.સિંહાની તેણીનો પીએચ.ડી. નો વાઈવા(પરીક્ષા) પરદેશમાં (યુ.એસ.એ) અને ઈલિકટ્રોનિક મીડીયા (વીડીયો કોન્ફરન્સ/ફોન) મારફત યોજવાની યુનિવર્સિટીની મંજૂરી આપવા અંગેના તેણીના તા: ૬–૧૧–૦૨ના વિનંતી પત્ર પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનિતા કે.પી.સિંહાને વીડીયો કોન્ફરન્સથી પીએચ.ડી.નો વાઈવા લેવા માટે ખાસ કિસ્સામાં પરવાનગી આપવી. આ કિસ્સાને અપવાદરૂપ ગણીને મંજૂરી આપવામાં આવેલ છે.

(૧૪) યુનિવર્સિટી કેમ્પસને ફરતી કંપાઉન્ડવોલ બનાવવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસના સંરક્ષણના હેતુથી યુનિવર્સિટી કેમ્પસના ફરતી કંપાઉન્ડવોલનું બાંધકામ કરવાનું સૈધ્ધાંત રીતે સ્વીકારવું.

(૧૫) સિન્ડિકેટની સભાના તા.૧૨–૭–૨૦૦૧ના ઠરાવ ક્રમાંક: ૧૪ માં યુનિવર્સિટીમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીને લગતા કાર્યક્રમોનો જે સિધ્ધાંતિક સ્વીકાર કર્યો હતો. તેને અનુરૂપ અનુસાંગીક કાર્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.સી.એ./ ડી.સી.એ. અભ્યાસક્રમો ચલાવવા માટે આઈ.ટી. કેમ્પસમાં એક અલાયદા મકાન બનાવવા અંગેની જરૂરી કાર્યવાહી તાત્કાલિક શરૂ કરવી.

યુનિવર્સિટી કાર્યાલય

સુરત. તા. ૨૨–૧–૨૦૦૩ કુલસચિવ

ક્રમાંક : એસ–૧(૧)/૭૫૬ તા. ૨૨–૧–૨૦૦૩

પ્રતિ,

સિન્ડિકેટ ના સર્વે સભ્યશ્રીઓ............